
# લૂંટ પ્રકરણમાં પોલીસે છારાનગર ખુંદી નાંખ્યું પણ કોઈ કડી ન મળી

## બેન્કના કેમેરાના ફુટેજમાંથી પણ કોઈ શકમંદ ન દેખાયા

ગાંધીનગર, તા.૮

શહેરના સેક્ટર-૨૧ ખાતે વૃન્દાવન સ્વીટ સામે ધોળે દિવસે બી.એસ.એફ.ના કર્મચારીની પત્નીને ધક્કો મારીને પલ્સર પર આવેલા બે શખ્સો દ્વારા ચલાવવામાં આવેલી પોણા ચાર લાખની લુંટને મામલે ગાંધીનગર પોલીસે બેન્કમાંથી સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કર્યા પરંતુ તેમાંથી કોઈ શકમંદ મળી આવ્યો નથી તે ઉપરાંત પોલીસે રાતભર કુબેરનગર તથા છારાનગર-સરદારનગર વિસ્તારોમાં અગાઉ ચિલઝડપના કિસ્સાઓમાં પકડાઈ ચુકેલા શખ્સોની પુછપરછ કરી પરંતુ પોલીસને લૂંટારૂઓ સંદર્ભે કોઈ કડી મળી નથી.

સે-૨૧ના બ્લોક નં. ૩૭/૨ 'છ' ટાઈપમાં રહેતા અને બી.એસ.એફ.માં ફરજ બજાવતા અરવિંદકુમાર પવાર ગઈકાલે તેમની પત્નિને લઈને બેંકમાંથી ૩.૪૫ લાખ રોકડા ઉપાડીને દાગીનાની ખરીદી માટે સ્કુટર પર સે-૨૧માં પહોંચ્યા ત્યારે દિન દહાડે પલ્સરબાઈક પર આવેલા બે યુવાન શખ્સો તેમની નજીક આવ્યા અને અરવિંદકુમારના પત્નીના હાથેથી રૂપિયા ભરેલી બેગ આંચકીને લુંટ ચલાવી બાઈક પર ફરાર થઈ ગયાનો કિસ્સો બનવા પામ્યો હતો. આ લુંટ કેસમાં પોલીસે બેંકના કેમેરાના ફુટેજ ચેક કરી અરવિંદકુમાર તથા તેમની પત્નિને બતાવ્યા હતા પરંતુ તે એક પણ ફુટેજમાંથી શકમંદો દેખાયા ન હતાં. તે ઉપરાંત સે-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલ તથા એલ.સી.બી.ની ટીમ રાતભર અમદાવાદના છારાનગર તથા સરદારનગર સહિતના વિસ્તારોમાં ગઈ હતી અને એક પછી એક સંખ્યાબંધ શકમંદોની પુછપરછ કરી લુંટારૂઓને ઝડપી લેવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ દુર્ભાગ્યે હજુ સુધી તેમના વિશે પોલીસને માહિતી મળી શકી નથી.





મધર મેરીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે કૅથલિક સંપ્રદાય આયોજિત ૯ દિવસના તહેવારના અંતિમ દિવસે શનિવારે કેથલીક ચર્ચ, સૅક્ટર-૮ ખાતેથી હાથમાં કેન્ડલ્સ સાથે નીકળેલા ભાવિકોની રેલીથી સુંદર દ્રશ્ય સર્જાયું હતું. (તસવીર : દિપક જાની)

### આજે સે.૧૯ ખાતે નવચંડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૮

શ્રી ફુલબાઈ નવરાત્રી મંડળના હોદ્દેદારો જણાવે છેકે સેક્ટર-૧૯ ખાતે તા. ૯મી સપ્ટેમ્બરના રોજ નવચંડી યજ્ઞ શ્રી દેવીલાલ મહારાજના વ્યાસપીઠે રાખેલ છે. આ યજ્ઞમાં પ્રસાદ લેવા ઈચ્છતા ટોકન ફી રૂા ૨૦ ભરીને ટોકન લેવા જણાવેલ છે. વધુ માહિતી માટે મહેતા કિરણા સ્ટોરનો સંપર્ક કરવા જાણ કરેલ છે.

### સિનિયર સીટીઝન મહિલા પાંખ દ્વારા ૧૧મીએ સપ્ટેમ્બરે ભજન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

સિનિયર સીટીઝન કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા અધિક માસ નિમિતે તા. ૧૧મી સપ્ટેમ્બરે સાંજે ચાર વાગે ભજનનો કાર્યક્રમ વૈજનાથ મહાદેવ સેકટર-૨૧માં રાખેલ છે. કન્વીર મીનાબેન શાહે જણાવેલ છે.

### સંસ્કાર ગૃપના સભ્યોની ૯મી સપ્ટેમ્બરે રમત-ગમત પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૮

સંસ્કાર ગૃપ દ્વારા તા.૯મી સપ્ટેમ્બરના રોજ વરૂણદેવ પ્રાર્થના પરક્ષાનું પરિણામ કરવામાં આવેલ છે. સેકટર-૭ બગીચામાં સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

### સે.૫/એ,ની નવરાત્રિ મહોત્સવ અંગે વાસાહતીઓની મીટીંગ

ગાંધીનગર, તા.૮

સેકટર-૫એના વસાહતીઓની મીટીંગ તા.૯મી સપ્ટેમ્બરની રાત્રે આઠ વાગે મંદિર પરિસરમાં રાખેલ છે. નવરાત્રિ મહોત્સવની ઉજવણીની ચર્ચા થનાર છે.

### આજે સત્સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર ગાંધીનગર તરફથી દર માસના પ્રથમ રવિવારે યોજાતા સત્સંગ કાર્યક્રમ અંતર્ગત આજે સેકટર-૩-સી, પ્લોટ નં. ૧૪૭૨/૨, કિરીટસિંહ ગોલને ત્યાં સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સત્સંગનો કાર્યક્રમ યોજાશે. દરેક ધર્મપ્રેમી જનતાને પધારવા મહેન્દ્રભાઈ રાઠોડે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

### ડૉ. હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા ૧૧મીએ હિન્દુ દિગ્વીજય દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૮

ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ ગાંધીનગર દ્વારા સ્વામીજીના પદચિહ્નો પર ચાલવા અને તેમના કાર્યોને સમજીને અનુસરવા માટેનો કાર્યક્રમ ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ હિન્દુ દિગ્વીજય દિન તરીકે યોજાશે. ગાંધીનગર સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાનાર આ કાર્યક્રમમાં વકતા તરીકે પ્રાચાર્ય પ્રકાશજી પાઠક, મુખ્ય અતિથિ તરીકે શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામી ઉપસ્થિત રહેશે.

### લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૬ બાકડાનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પ્રમુખ અનિલભાઈ જયસિંઘાણીના રાહબરી હેઠળ સેકટર-૨૯માં ૬ બાકડાઓ રાહદારીઓ માટે મૂકવામાં આવ્યા છે.

ગાંધીનગરના સેકટર-૨૯ના લાયન્સ સર્કલ પાસે મૂકવામાં આવેલા ૬ બાકડાઓના લોકાર્પણ પ્રસંગે અમદાવાદથી સેન્ડ ડિસ્ટ્રીકટ ગવર્નર લાયન રાકેશભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા અને તેનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મોતીલાલ આનંદ તરફથી દાન મળ્યું હતું.

### સર્વેને સમાન ન્યાય
## ચિલોડા મોટા ખાતે લીગલ એઈડ કલીનીકની સ્થાપના કરાઈ

ચિલોડા, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તથા ચિલોડા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ચિલોડા ગામની તથા ગ્રામ્ય જનતાના કાયદાકીય પ્રશ્નો તથા ગ્રામ્યકક્ષાએ સરળ રીતે સર્વને સમાન ન્યાય મળે તથા નિરાકરણ અર્થે ચિલોડા ગ્રામ પંચાયતની કચેરીમાં લીગલ એઈડ કલીનીકની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પેરા લીગલ વોલન્ટરીયર્સ દર મહિનાના બીજા અને ચોથા શુક્રવારે બપોરે ૧ થી ૫ દરમ્યાન નિઃશુલ્ક સેવા પ્રાપ્ત થશે. આ લીગલ એઈડ કલીનકનો સેવાનો લાભ લેવા સર્વે જનતાને જણાવવામાં આવે છે. આ ઉપરાંત લીગલ એઈડ કલીનીકની સ્થાપના તથા ઉદ્ઘાટન પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી જયંતિભાઈ જી. પટેલ, સલીમભાઈ મનસુરી, દશરથજી કે. ઠાકોર, કિરણજી કે. ઠાકોર, ચિલોડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી તથા ગામના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સે. ૩-ડીમાં સ્ટ્રીટલાઈટો ડૂલ સાત દિવસથી અંધારપટ્ટ

## તંત્ર સમક્ષ રજૂઆત છતાં કોઈ પગલા લેવાતા નથી

ગાંધીનગર, તા. ૮

સે. ૩-સીમાં ગ-માર્ગને જોડતા સેક્ટરના આંતરિક રસ્તા પર છેલ્લા એક સપ્તાહથી સ્ટ્રીટલાઈટો ડૂલ હોવાથી અંધારપટ્ટ છવાયેલો છે. સતત વરસાદ વચ્ચે આંતરિક માર્ગ પર લાઈટો પણ બંધ હોવાથી સ્થાનિક રહીશોએ રાત્રીના સમયે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

સે. ૩-સીમાં ચર્ચની સમાંતર ગ-માર્ગ તરફ જતા આંતરિક રસ્તા પર છેલ્લા એક સપ્તાહથી રાત્રીના અંધારૂ છવાઈ જાય છે. માર્ગ પરની સ્ટ્રીટલાઈટો અઠવાડીયાથી બંધ હાલતમાં છે. સાંજ ઢળતા જ સેકટરના આંતરિક રસ્તા પર અંધારપટ્ટ સર્જાતા સ્થાનિક રહીશોએ અવરજવર કરવાનું પણ મુશ્કેલ બન્યું છે. રાત્રીના વરસતા વરસાદમાં લાઈટો પણ બંધ હોવાથી રાહદારીઓ અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે.

ગ-માર્ગને જોડતા સેકટરના ઈન્ટરનલ રસ્તા પર નાગરિકોની વિશેષ અવર-જવર રહે છે. આવા સંજોગોમાં સમગ્ર વિસ્તારમાં અંધારપટ્ટ છવાયેલો રહેતા મહિલાઓમાં પણ ભયની લાગણી પ્રવર્તી છે. સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ મામલે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવા છતાં અંધારૂ ઉલેચવા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના પરિણામે સ્થાનિક રહીશો ડગલે ને પગલે હાલાકીનો ભોગ બની રહ્યા છે.

# ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા પાંચ દિવસની કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૦૦ કલાક સંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મંડલ કક્ષાએ ઘરે ઘરે ફરી લોક સંપર્ક કરશે. આ અભિયાનના ભાગરૂપે દરેક જિલ્લા તથા મહાનગરો તેમજ મંડલ કક્ષાએ ૫ દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આ અભિયાન અંતર્ગત ૨ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમ્યાન સાંજે ૮.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક દરમ્યાન સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં પ્રથમ સત્રમાં વિષય નિષ્ણાંતો દ્વારા વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજુ કરવામાં આવ્યા હતાં. બીજા સત્રમાં સૂચનો તથા વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં પ્રભારી મંત્રી જયસિંહભાઈ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી શ્રીમતી રમીલાબેન બહારા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભગવાનદાસ પંચાલ, ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, વિપક્ષના નેતા મનુભાઈ પટેલ, પૂર્વ મંત્રી તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન પુનમભાઈ મકવાણા, સંજીવભાઈ મહેતા, કનુભાઈ દેસાઈ, એચ.એમ. પટેલ, મણીબેન દેસાઈ, આશિષભાઈ દવે, વિનોદભાઈ ઉદેસા, મહેન્દ્રભાઈ પટેલ (દાસ), નીતિનભાઈ પટેલ, અશોકભાઈ પટેલ વગેરે નિષ્ણાંતોએ વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજુ કર્યા હતા.

કાર્યશાળામાં કોંગ્રેસના શાસનકાળ દરમ્યાન બેફામ ભાવવધારો, કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા ગુજરાતને થયેલ અન્યાય, કોંગ્રેસના શાસનકાળ દરમ્યાન થયેલ કૌભાંડો વગેરે વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલ મુકવામાં આવેલી યોજનાઓથી કાર્યકર્તાઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યશાળામાં ગાંધીનગર મહાનગરના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ હાજર રહી કાર્યશાળાને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

### જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીનો શપથવિધિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૮

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીનો ઉદઘાટન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે સાહેલી ગૃપના પ્રમુખ તરીકે ગાયત્રીબેન પટેલે શપથ લીધા હતા જેમને જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩-બીના યુનિટ ડાયરેકટર સાંકાભાઈ પટેલે શપથ લેવડાવ્યા હતાં.

શપથ વિધિ સમારોહના ઉદઘાટક તરીકે ડાહ્યાભાઈ પટેલ, ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ., અતિથિ વિશેષ તરીકે પૂર્વ પ્રમુખ જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરનાં નટવરલાલ પટેલ ખાસ હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલે સંભાળ્યું હતું. આભારવિધિ રમેશભાઈ પટેલે કરી હતી.

# સેકસ વર્કર મહિલાઓના પુનઃ સ્થાપન માટે યોજના અમલી બનાવવામાં આવી

ગાંધીનગર, તા.૮

રાજયમાં સેકસ વર્કર મહિલાઓના પુનઃ સ્થાપન માટેની યોજના તૈયાર કરીને અમલી બનાવવામાં આવી છે.

ઉચ્ચતમ ન્યાયાલય દ્વારા રાજયમાં આવેલ ફીમેલ સેકસ વર્કરોને યોગ્ય તે યોજના તૈયાર કરીને પુનઃ સ્થાપન દ્વારા સામાજીક પ્રવાહમાં ભેળવી દેવા માટે આદેશો થયેલા છે.

રાજયમાં વિધવા મહિલાઓના આર્થિક પુનઃસ્થાપન માટેના નિયમો-આદેશ માં જણાવેલ ઠરાવથી કરવામાં આવેલ છે. તેમજ આવી મહિલાઓ પૈકી ૧૮ થી ૪૦ વર્ષ માટે તાલીમની યોજનામાંની જોગવાઈ મુજબ આપવામાં આવે છે આથી વિધવા મહિલાઓને અપાતી તાલીમ અને તાલીને અંતે મળતા લાભો સેકસ વર્કર મહિલાઓને આપવા માટે સરકારે નિર્ણય કર્યો છે.

આ યોજનાનો લાભ એચઆઈવી એઈડઝ કંટ્રોલ સોસાયટી સાથે સંકળાયેલ તથા સેકસ વર્કર બહેનોના પુનઃ સ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મહિલા સામાજિક ઉત્થાનના કાર્યમાં સંકળાયેલી હોય તેવી સંસ્થાઓમાં નોંધાયેલ મહિલા સેકસ વર્કરને આપવાનો રહેશે.

જે રીતે વિધવા મહિલાઓ માટે તેઓની પસંદગીના ટ્રેડની તાલીમ વર્ગો દ્વારા પુનઃસ્થાપન કરવામાં આવે છે તે જ રીતે સંદર્ભ-૨માંના ઠરાવની જોગવાઈઓ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અથવા સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તે પધ્ધતિથી તાલીમ આપવાની રહેશે.

વિધવા મહિલાઓને તાલીમને અંતે જે રીતે કીટ આપવામાં આવે છે તેજ રીતે મહિલા સેકસ વર્કરને લીધેલ તાલીમને અનુરૂપ કીટનો લાભ આપવાનો રહેશે.

સેકસ વર્કર મહિલાઓને તાલીમ દ્વારા પુનઃ સ્થાપન આપીને સામાજીક પ્રવાહમાં ભેળવવા માટનો રાજય સરકારનો આ પ્રયત્ન છે અને તેથી તેઓને વિધવાઓને અપાતી આર્થિક સહાય (વિધવા પેન્શન) મળવા પાત્ર નથી તેવું મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલ ઠરાવમાં જણાવાયું છે.

# કોંગ્રેસ સ્ક્રુટીની કમીટીની બેઠક મળી : ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૮

વિધાનસભાની ચૂંટણીઓ હવે નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બનાવી દેવામાં આવી છે.

કોંગ્રેસ સાથે સંકળાયેલ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે ચૂંટણી સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલા, પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયા, વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહીલ આ ત્રણે નેતાઓની એક બેઠક મળી હતી. સ્કુટીની કમીટીના આ ત્રણે નેતાઓ મુખ્ય છે.

આગામી વિધાનસભા ચૂંટણી જંગ જીતવા માટે આ વખતે કોંગ્રેસે જુથવાદ અને હુંસાતુંસીથી દૂર રહી માત્ર મેરીટના આધારે જ ઉમેદવારોની પસંદગી કરવા માટેની રણનીતિ ઘડી છે. આ વખતે કોંગ્રેસ સ્વચ્છ પ્રતિભા ધરાવતા હોઈ શિક્ષિત હોઈ તેમજ જે તે મતવિસ્તારમાં પક્ષનું કામ કર્યું હોઈ તેવા યુવા નેતાઓ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે અમદાવાદ નજીક એક ફાર્મહાઉસ ખાતે સ્કુટીની કમીટીની બેઠક મળી હતી. આ બેઠકમાં અંદાજે ૨૦ થી વધુ વિધાનસભા બેઠકોની સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને જ્ઞાતિ સમીકરણો અંગેની સમીક્ષા કરવામાં આવી હતી અને તેના આધારે સંભવિત ઉમેદવારોના નામો અંગે પણ ચર્ચા વિચારણા કરીને સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

થોડા સમય અગાઉ ગાંધીનગર ખાતે ચૂંટણી અને સ્કુટીની કમીટીની બેઠક મળી હતી. આ બેઠકમાં એક ઠરાવ પસાર કરીને તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટેના આખરી ઉમેદવારોની પસંદગીની સત્તા કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીને સુપરત કરવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસની સ્કુટીની કમીટી આગામી ઓકટોબરના પ્રથમ સપ્તાહ સુધીમાં ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટેના સંભવીત ઉમેદવારોની ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરી દેશે અને આ પેનલ યાદી કેન્દ્રીય મોવડીમંડળને મોકલી આપવામાં આવશે અને ત્યારબાદ મોવડીમંડળ આખરી ઉમેદવારોની પસંદગી કરીને નામો જાહેર કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૮૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જોકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જોકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જોકર : ૮.૧૫

: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,૯.૧૫

: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જોકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

રાઝ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦

: સ્ક્રીન-૩ :
જોકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

### ચિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં અષ્ટસખા દરબાર અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. જીવુબેન મોહનભાઈ સોલંકી (ઉ.વ.૮૫) બ્લોક નં. ૨૪/૫, 'છ' ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. દલાજી ભવાજી વણઝારા (ઉ.વ. ૪૫) જીઈબીના કાચા છાપરા, ગાંધીનગર.
- સ્વ. અવધ કિશોરદાસજી મહંત (ઉ.વ.૬૨) રામજી મંદિર, મુ.પો. કોલવડા. તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. મગનભાઈ ખીમાભાઈ કામડે (ઉ.વ.૬૮) બ્લોક નં. ૫૨૧/૨, સેકટર-૪બી, ગાંધીનગર.
- સ્વ. ખેમીબેન અંબાલાલ પંચાલ (ઉ.વ.૭૦) મુ.પો. પાટનાકુવા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.